

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*મનોરંજને થાય હામી, ગૂમડું થઈ ગયો છે !*
*યોજનાના હાથ લૂછવા લૂગડું થઈ ગયો છે,*
*પૂમડું થઈ ગયો તેમની દુર્ગંધ ફેલાવવા -*
*'રેડિયો' સાવ સરકારી ભૂંગળું થઈ ગયો છે...*
*(સરકારી પ્રચારમાં પોઠીયો...)*

### હાઈકુ

*ઘરના ભૂવા,*
*વગાડે ડાકલાં, ને*
*ધૂણે પ્રચાર...*

*આ ઈતરડું -*
*રંજન ને બદલે*
*પીવે છે લોહી....*

### ચિંતન

**સુજનં વ્યજનં મન્યે ચારુવંશસમુદ્ભવમ્ ।**
**આત્માનં ચ પરિભ્રામ્ય પરતાપનિવારણમ્ ॥**

**ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાડાંગારમાંથી લેવામાં આવેલ છે.**

**જેમ સારા વાંસનો બનેલો પંખો પોતે ભમીને બીજાના તાપને દૂર કરે છે, તેમ સજ્જન પણ પંખારૂપે છે, તે પોતે ભમીને પણ બીજાઓના સંતાપ દૂર કરે છે.**

**જૂના સમયમાં વાંસના પંખાનો પણ ઉપયોગ થતો. એમાં હાથમાં હાથો પકડી આખો ૧૮૦ ° પંખો ફરી શકે એવી રચના હતી. અને ફરતા પંખાથી હવા મળતી...**

**સજ્જન-શિક્ષક-ગુરુ આ પંખા જેવા છે. પોતાના શિષ્ય માટે 'ટાઢક' આપવા જાતે ભમે છે. જ્ઞાન-સત્સંગ આપે.**

### સુવિચાર

- મંઝિલેં તો મીલી નહીં, ચલો રાસ્તે બદલે લેતે હૈં,
  વક્તા તો બદલા નહીં, ચલો ખ્વાહિશેં બદલ દેતેં હૈ - **ઈકબાલ પટેલ**
- નિમિત્ત નાનું ને નુકશાન મોટું એનું નામ 'ક્રોધ' - **મોરારિ બાપુ**
- સહનશીલતા એ સ્વભાવ નહીં સંસ્કરા છે, ત્રાજવું વજન માપી શકે છે ગુણવત્તા નહીં - **ક્રાંતિ ભટ્ટ**
- રોગનાં લક્ષણો વાસ્તવમાં પીડા સહન કરનારા અંગોનું રૂદન છે - **જિન માર્ટીન**
- આપણું જીવન પીડાનું પાથરણું છે અને આનંદનું ઓશીકું છે, ઓશીકું મસ્તિષ્કનું એટલે કે આપણા ચિત્તનું ઉપસ્થાન છે. પાથરણું આપણા દેહનું ઉપસ્થાન છે - **ગુણવંત શાહ**
- ઈર્ષ્યા, ધૃણા, અસંતોષ, ક્રોધ, સતત શંકા તથા પારકાને આશ્રયે જીવન;
  આ છે સ્થિતિવાળા માણસો હંમેશાં દુઃખ ભોગવે છે - **વિદુર**
- આજનું ઔષધ : બીલીપત્રના તાજા કુમળા પાન લસોટી તેનો રસ પાંચ ચમચી સવારે પીવાથી શરીરમાં ખાંડનું પ્રમાણ ઘટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ચર્ચમાં પ્રાર્થના પછી ચર્ચા ચાલી. પાદરીએ કહ્યું 'નિષ્પાપ જીવન જીવીને સ્વર્ગના અધિકારી બનવા માટે શું શું કરવું જોઈએ. તેના સૂચનો કરી રહ્યા હતા. તેમણે પૂછવું જે સ્વર્ગમાં જવા ઈચ્છે છે તે બધા હાથ ઊંચો કરે.' હાજર તમામ શ્રોતાઓ એ હાથ ઊંચા કર્યા સિવાય કે આગળની હરોળમાં બેઠેલાં એક સજ્જન હાથ ઊંચો કર્યા વગર એમને એમ બેસી રહ્યા. પાદરીએ બીજો પ્રશ્ન પૂછ્યો, 'તમારામાંથી કેટલાં નર્કમાં જવા ઈચ્છે છે.' આ પ્રશ્નના પ્રતિભાવમાં કોઈનો પણ હાથ ઊંચો થયો નહીં. પેલા સજ્જને આ વખતે પણ હાથ ઊંચો કર્યો નહીં. એટલે પાદરીએ એમને પૂછ્યું, 'મહાશય તમે સ્વર્ગમાં જવા નથી માંગતા અને નર્કમાં પણ જવા નથી માંગતા તો પછી તમે કયાં જવા માંગો છો?' પેલા સજ્જન ધીમેથી બોલ્યા, 'ફાધર, મારે તો પૃથ્વી ઉપર જ રહેવું છે. આ પૃથ્વીને જ સ્વર્ગ જેવી બનાવવી છે. કારણ કે જે લોકો સ્વર્ગમાં જવા માગે છે એ જ લોકો એ આ પૃથ્વીને નર્ક જેવી બનાવી દીધી છે.' ચર્ચમાં સૌ કોઈ આ જવાબ સાંભળી ચૂપ થઈ રવાના થઈ ગયા.

# યુગપુરુષ કોટિના ભારતીય નેતા

**તંત્રીસ્થાનેથી...**

ગાંધીજીના અવસાન પછી ગાંધીજી વધુ ને વધુ પ્રસ્તુત બનતા રહ્યા છે. પંડિત નહેરુ વિશે ટીકાકારો ભલે એલફેલ વાતો કરે પરંતુ ભારતીય લોકતંત્ર આટલું સાબૂત બની શક્યું એમાં એમની દીર્ઘદૃષ્ટિ અને દૂરંદેશીનો સિંહફાળો રહ્યો છે. સુભાષચંદ્ર બોઝ અને સરદાર પટેલ પોતપોતાના વિશિષ્ટ પ્રદાનને કારણે રાષ્ટ્રીય ઈતિહાસનાં અમર ચરિત્રો બની ચૂક્યા છે. ઈંદિરા ગાંધી સામે એક માત્ર કટોકટી સિવાય આંગળી ચીંધી શકાય એમ નથી. એમને કેટલાંક હિંમતભર્યા પગલાં ભર્યાં એમાં સૌથી યાગદાર બાંગ્લાદેશનું સર્જન કરી પાકિસ્તાનની પૂર્વ પાંખ તોડી નાખવાનું ઐતિહાસિક પગલું તો સામેલ છે જ; એ સિવાય ભિંડરાવાલે જેવા ખૂંખાર આતંકવાદીનો ખાત્મો કરવા અમૃતસરના હરમિંદર સાહેબ - સુવર્ણ મંદિરમાં સેના મોકલવાનું પગલું પણ હતું જેને લીધે એમને જીવ ગુમાવવો પડ્યો હતો. આ બધી ઐતિહાસિક કક્ષાની વિભૂતિઓમાં બિનકોંગ્રેસી કહી શકાય એવા એક જ રાજનેતાનું નામ સામેલ કરી શકાય અને તે હતા અટલ બિહારી વાજપેયી. કોંગ્રેસી પરંપરાની બિનસાંપ્રદાયિકતાથી ભિન્ન એવી હિંદુત્વની સંઘીય વિચારધારાને વરેલા હોવા છતાં એ દુનિયા આખીના મુસલમાનોમાં લોકપ્રિય હતા. છેલ્લે તો ઘણી બધી ચૂંટણીઓ તેઓ લખનૌ જેવા નવાબી નગરની બેઠક પરથી લડતા રહ્યા અને ગ્વાલિયરની બેઠક પરથી માત્ર એક જ વખત તત્કાલીન કોંગ્રેસી ઉમેદવાર અને ગ્વાલિયરના રાજવંશી માધવરાજ સિંધિયા સામે હાર્યા હતા. ગ્વાલિયર એમના વતનની બેઠક હતી, ત્યાંથી હારવું એમના માટે સીમાચિહ્ન રૂપ ઘટના હતી. પરંતુ લખનૌની બેઠક તો એ હિંદુત્વના પ્રખર પુરસ્કર્તા અને કયારેક વિરાટ હિંદુ સંમેલનનું આયોજન કરનારા કાશ્મીરના પૂર્વ મહારાજા ડૉ. કર્ણસિંહ સામે પણ જીતી ગયા હતા. વાજપેયીના શાસનકાળમાં મુસલમાનોમાં આજકાલ પ્રવર્તે છે એવો 'રાજભય' કે દહેશત નહોતી. ઊલટાના એ તો વટથી ઈફતારી યોજતા અને પાકિસ્તાન જેવા દુશ્મન દેશ સાથે દોસ્તીનો હાથ લંબાવી દિલ્હીથી લાહોર બસ પ્રવાસ કરીને પહોંચ્યા હતા. એ જુદી વાત છે કે એમની શુભેચ્છા સામે જનરલ મુશર્રફે ગદ્દારી કરીને એમની સાથે હાથ મિલાવવા કે સલામી આપવાને બદલે તત્કાલીન પાક વડાપ્રધાન નવાઝ શરીફને પણ અંધારામાં રાખી. રાતોરાત કારગિલ પર હુમલો કર્યો હતો. વાજપેયીજીના નેતૃત્વમાં વધુ એક વાર પાક સાથે સુમેળની પહેલ કરાઈ હતી પરંતુ ત્યારે પણ પાક પ્રમુખ મુશર્રફ શિખર પરિષદ અધૂરી મૂકિ ચાલ્યા ગયા હતા. આ તમામ ઈતિહાસથી વાકેફ ઈમરાનખાન પાકિસ્તાનની બાગડોર સંભાળે તે પરેલા અટલજીને કેવી ભાવભીની શ્રદ્ધાંજલી અર્પે છે ! બલકે ખુદ આપણા દેશમાં કોંગ્રેસીઓને ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ કે સંઘ સામે ગમે તેટલો અણગમો હોય તો પણ અટલ બિહારી વાજપેયી પ્રત્યે અનહદ આદર જ રહ્યો છે. 'યુગપુરુષ' શબ્દ ઘણો મોટો છે અને એકાદ ગાંધીજી જેવા વિશ્વશાંતિના દેવદૂત પૂરતો મર્યાદિત રહે તે પણ વાજબી છે. પરંતુ ગાંધીજી તો માત્ર રાજકીય ચળવળના નેતા હતા, એમનો વહીવટનાં ઈંદ્રવારણાં ઝેરકોચલાં નહોતાં ચાખ્યાં. વાજપેયીએ વહીવટમાં, કાજળકોટડીમાં પુરાયા પછી પણ અને અનેક વિચારસરણીઓ ધરાવતા નેતાઓ સાથે ગઠબંધન સરકારનું નેતૃત્વ કરીને પણ પોતાનું દામન ડાઘવિહોણું રાખી એક દાખલો બેસાડ્યો છે. યુનાઈટેડ નેશન્સમાં હિંદીમાં પ્રવચન કરીને એમણે પ્રચંડ રાષ્ટ્રભક્તિનો પરચો બતાવ્યો હતો. એ દૃષ્ટિએ મૂલવતાં સમગ્ર ભારતીયતાના પ્રતીકપુરુષ સમા આ દિવંગત નેતાને યુગપુરુષ કોટિના રાષ્ટ્રીય નેતા ગણી શકાય. એમની ખોટ સૌને ચાલશે.

# ઘરગથ્થું દવાઓ...



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

(ગતાંકથી આગળ...)

એમાં ક્યાં રોગ આવે ? મેલેરિયા, ટાઈફોઈડ, કમળો, ચિકનગુનિયા, ડેન્ગ્યુ, નિમોનિયા વગેરે જેવા રોગો ઉત્પન્ન થાય છે અને આ રોગ સામાન્ય રીતે બહુ જ ખરાબ રીતે માનવીના શરીર ઉપર અસર કરતાં હોય છે. વાઈરસને નાબૂદ કરવા માટે કઈ દવા લેવી જોઈએ.. ત્યારે ચોપડીઓમાં એવું લખેલું છે કે વાઈરસ ઉપર કોઈપણ દવાની અસર થતી નથી. વાઈરસ ઉપર કોઈપણ એન્ટીબાયોટીકની અસર થતી નથી. તો પછી દવાનું શું કામ ? દવા તો લેવી જોઈએ.. કારણ કે સેન્ડટરી બેક્ટેરિયલ, ઈન્ફેકશન ન થાય તે માટે. એટલે કે વાઈરસના લીધે શરીરમાં રહેલી ઈન્યુરિટી વપરાઈ ગઈ હોય ત્યારે બેક્ટેરિયા ઝડપથી શરીરમાં ઉગી શકે છે માટે દવા લેવી જરૂરી બને છે. ચોપડીમાં એવું લખેલું છે કે વાઈરસમાં કોઈ જ દવા ન લેવી. ફક્ત આરામ કરવો અને વિટામિન-સી લેવું પણ કોઈ પણ ડૉક્ટર એવું સામાન્ય રીતે કરતાં નથી. એ એન્ટીબાયોટિકની દવા આપતા જ હોય છે. કોઈ કેસમાં એવું બને કે વગર દવાએ સારું થઈ જાય પણ એ જ વાત આપણે ઉપર કરી કે જો તમારામાં રોગપ્રતિકારક શક્તિ વધારે હોય તો તમને દવાની જરૂર પડતી નથી. પણ છતાં મેલેરિયા, ટાઈફોઈડમાં આ દર્દોમાં દવા ચોક્કસ હોય છે અને તમારે લેવી પડતી હોય જ્યારે ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવી ટીપીકલ વાઈરલમાં આરામ અને રોગપ્રતિકારક શક્તિ વધારે પ્રમાણમાં હોય તો દવા વગર પણ ચાલી જાય. પણ આપણે હવે વાત કરવી છે ઘરગથ્થું દવાની... ડૉક્ટર પાસે ન જવું પડે અને ઘરે બેઠાં બેઠાં આપણે ઘરમાંથી જ ઊભી કરેલી દવા ફાયદો કરી શકે ? જેને આપણે ઘરગથ્થું દવા કહીએ... તો જવાબ હા આવે છે. આપણા ઘરમાં ઘણીબધી દવાઓ રહેલી હોય છે અને જેને લીધે ઘણાં બધાં વાઈરલ રોગમાં મદદ કરી શકે છે અને આપણે ઘરે જ એનો ઈલાજ કરી શકીએ છીએ. ઘણી વખતે બધા એમ જ કહેતા હોય છે કે અને મારે પણ એમ જ કહેવું જોઈએ કે કંઈ પણ નાની વસ્તુ આપણે થઈ હોય તો ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. હા ડૉક્ટરની સલાહ લેવી જોઈએ પણ ડૉક્ટરની આપેલી દવા વગર મટતું હોય તો શું ખોટું ? ડૉક્ટરની સલાહ લો... ડૉક્ટર કહે કે વાઈરલ છે તો આપણા ઘરમાં રહેલી ઘરની દવા કદાચ વધારે સારી. જેનાથી શરીરને નુકસાન ઓછું થાય છે. એનો મતલબ એ નથી કે ડૉક્ટરની આપેલી દવા નુકસાનકારક હોય છે. છતાં પણ એન્ટીબાયોટિકની આડઅસર રહેલી જ હોય છે અને બને ત્યાં સુધી એન્ટીબોયોટિક ન લેવી પડે તો સારું... ઘરમાં ઘણી વખતે આપણે લખી ચૂક્યા છે છતાં પણ ફરી લખીએ કે હળદર કોઈપણના ઘરમાં હોય જ... હળદરની અંદર એન્ટીબાયોટિકને નાથવાની તાકાત રહેલી હોય છે અને તેને લીધે હળદર રોજ લેવી સારી અને તેનાથી વાઈરસ સામે લડવાની તાકાત વધારે પ્રમાણમાં રહેલી છે. એવી જ રીતે મેથી પણ ખૂબ જ સરસ. જેને રોજ લેવાથી વાઈરસ ઉપર પોતાની કમાન રહેતી હોય છે. તુલસીના પાન, પપૈયાના પાન વગેરેમાં ડેન્ગ્યુમાં ખૂબ જ સારી અસર જોવા મળે છે અને તે સાચું છે. હવે તો તુલસી અને પપૈયાના પાનની દવા પણ મળે છે. એનો મતલબ કે આ બધાની અસર ચોક્કસ પ્રમાણમાં જોવા મળે છે. અરડૂસીના પાન, સૂંઠ વગેરેની અસર થતી હોય છે. જેમ કે, લસણ, ડુંગળી, લીંબુ આ બધાની અસર પણ રોગપ્રતિકારક શક્તિ માટે થઈ શકે. મતલબ કહેવાનો એ છે કે ઘરમાં પણ એન્ટીબાયોટિક ન ખાવી પડે એવી ઘરગથ્થું દવાઓ હોય છે જેનો રેગ્યુલર ઉપયોગ કરવાથી વાઈરસ ઈન્ફેકશન ને નાથી શકાય.

# એક વડલા જેવું વિદ્વાન વ્યક્તિત્વ : ડૉ. રમણીકલાલ છ. મારુ



## મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

ગુજરાતી સાહિત્યમાં કેટલીક વ્યક્તિ એવી છે કે જેમણે કોઈપણ જાતની અપેક્ષાઓ કે ઈચ્છાઓ રાખ્યા વિના કે ઢંઢેરો પિટ્યા વિના વર્ષો સુધી પોતાની વિદ્યાના બળે એવું કામ કર્યું છે કે જેને આપણે યુગો સુધી ભૂલી નથી શકવાના. એવું એક નામ છે ધ્રાંગધરામાં વસતા અને ત્યાંની શ્રી એસ.એસ.પી. જૈન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના ગુજરાતી વિભાગના પૂર્વ અધ્યાપક અને મારા શબ્દગુરુ ડૉ. રમણીકલાલ છ. મારુ.

તા, ૨, નવેમ્બર, ૧૯૩૭માં જન્મેલા આ પ્રા.ડૉ. મારુ સાહેબનો પ્રાથમિકથી કૉલેજ સુધીનો અભ્યાસ રાજકોટમાં થયો. આરંભે સાત વર્ષ સુધી શિક્ષક તરીકેની નોકરી કરીને ૧૯૬૬થી ધ્રાંગધરાની કૉલેજમાં અધ્યાપક તરીકે કાર્ય શરું કરે છે. ૧૯૭૪માં લોકસાહિત્યકાર ડૉ. પુષ્કર ચંદરવાકરના માર્ગદર્શન હેઠળ : ચારણકવિ સાંયાજી ઝૂલા અને તેમની કૃતિઓ 'વિષય પર પીએચ.ડી પણ મેળવે છે. બાહ્ય વ્યક્તિત્વની દૃષ્ટિએ જોઈએ તો સાવ બિનાકર્ષક અને આંતરમુખી લાગે, પરંતુ અંદરથી એકદમ સહજ, સરળ, સાલસ, સ્નેહાળ અને નિરાડંબરી વ્યક્તિત્વ. એમને જોતા જ લાગે કે આ વ્યક્તિ જરૂર કોઈ મોટા વિદ્વાન હશે. અને બોલે ત્યારે આપણી ધારણા સત્ય પણ સાબિત થાય.

સુરેન્દ્રનગર જિલ્લામાં 'મારુ બાપા' ના હૂલામણા નામથી જાણીતા આ બાપાના સાનિધ્યમાં હું છેક ૧૯૮૫થી છું. એ વર્ષે જ્યારે ધો. ૧૨ પાસ કરી કૉલેજના પ્રથમ વર્ષમાં આવ્યો ત્યારે ગુજરાતી વિષયમાં તેઓ પન્નાલાલ પટેલની 'મળેલા જીવ' નવલકથા ભણાવે. પરંતુ એ પ્રથમ આખું વર્ષ હું એમનાથી સહેજેય પ્રભાવિત થયો નહોતો. કેમ કે પોતાની વિદ્વતાનો કે વ્યક્તિત્વનો કોઈ જ આડંબર એમને આવડતો નહોતો. એક સાચા શિક્ષક તરીકે ક્લાસમાં આવીને વિદ્યાર્થીઓને ભણાવવા એ જ એમનો નિત્યક્રમ. પણ ધીમે ધીમે એમની વિદ્વતાનો પરિચય થતો ગયો તેમ તેમ હું એમના તરફ ઢળતો ગયો. અને પછી તો એક ગુરુ શિષ્યના બંધનમાં બંધાઈ ગયા તે આજ સુધી એ બંધનની મૂક્તતાનું મને ગૌરવ છે.

ડૉ. રમણીકલાલ મારું એટલે ગુજરાતી ભાષાનો આખો એનસાઈક્લોપીડિયા, આપણી ભાષામાં આ એક જ મારુ બાપા એવા હશે જેમને ગુજરાતી ભાષાનો આખો ય સાર્થ જોડણી કોશ મોઢે હશે. એમાંથી કોઈપણ શબ્દનો અર્થ પૂછો તો તરત જ જોયા વિના એનો જવાબ આપણને મળી જાય. મને શબ્દકોશ વાંચતા આ મારુ બાપાએ શીખવ્યું. શબ્દકોશ તેઓ વાંચતા હોય ત્યારે જાણે કે કોઈ મરજીવો સમુદ્રનાં તળિયે મોતી શોધતો હોય એવું લાગે, કોઈપણ કામ કરતી વખતે એમાં એકાગ્રતા અને નિષ્ઠાનો પાઠ મને આ મારુબાપા પાસેથી શીખવા મળ્યો છે કેમ કે તેઓ નિવૃત થયા તેના આગલે દિવસે સવારે કૉલેજ જતા પહેલા સવારે વહેલા ઊઠીને બે કલાક ઘેર લેકચરની તૈયારી કરીને જ કૉલેજ આવેલા.



એટલી એમની અભ્યાસનિષ્ઠા હતી જે આજકાલ મોટેભાગે અધ્યાપકોમાં જોવા મળતી નથી.

મારુસાહેબ એટલે ધ્રાંગધરા શહેરનું હરતું ફરતું પુસ્તકાલય, જ્ઞાનનો જ્ઞાનરથ, શહેરની કે કૉલેજની એક પણ લાયબ્રેરી એવી નહીં હોય કે મારુબાપાએ એના પુસ્તકો વાંચ્યા ના હોય. એમનો નિત્યક્રમ સવારના ત્રણ વાગ્યાથી શરું થાય. આટલી વહેલી સવારે ઊઠીને જાતે ચા બનાવવાની અને મોટી થાળીમાં ચા નાખીને પીવાની એમની વર્ષોની આદત. અને પછી શરું થાય શાસ્ત્રોનું ઊંડું અધ્યયન. સમયના ચૂસ્ત આગ્રહી. કૉલેજના સમય કરતા તેઓ હંમેશાં પાંચ મિનિટ વહેલા પહોંચી જાય.

ક્લાસમાં કદી પણ કોઈની ઉપર ગુસ્સે થવાનું નહીં એવો એમનો સ્વભાવ. મને એ વખતે રાજ્ય સરકાર દ્વારા યોજાતા યુવક મહોત્સવોમાં ભાગ લેતો એમણે કર્યો. હું કવિતાઓ લખીને એમને ઘેર જઈને બતાવું. અને પછી તેઓ કવિતાને સુધારીને એનું થોડું થોડુ જ્ઞાન પણ આપતા જાય. એ રીતે હું તાલુકા, જિલ્લા, પ્રાદેશિકથી છેક રાજ્યકક્ષા સુધી કાવ્યસ્પર્ધામાં વિજેતા થઈ શક્યો હતો. એ વખતે સુરેન્દ્રનગર જિલ્લામાં ન્હાનાલાલ સાહિત્ય સભાનો આરંભ કવિશ્રી રમેશ આચાર્યએ મારુ સાહેબની પ્રેરણાથી કરેલો અને જિલ્લામાં ખુબ સારો પ્રતિભાવ મળેલો. તો વળી ધ્રાંગધરામાં મારુબાપાએ 'મંગળ મિલન' નામે પણ એક સાહિત્યિક સંસ્થાનો પ્રારંભ કરેલો જે આજદિન સુધી ચાલે છે. આ ઉપરાંત આ શહેરની કોઈપણ સંસ્થા, સ્કૂલ કે વ્યક્તિ હોય.. સાહિત્યિક પ્રવૃતિ મારુસાહેબના માર્ગદર્શન વિના શક્ય જ ના બને. એવી એમની પ્રતિભા.

સાહિત્યિક રીતે એમનું પ્રદાન અનન્ય છે. મૂળે અભ્યાસુ અને વિદ્વાન વિવેચકની છાપ, આમ છતાંય એમનો એક ગઝલસંગ્રહ પણ પ્રગટ થયો છે. પણ જે એમનું સૌથી નોંધપાત્ર કામ છે તે છે ચારણી ભાષાપર. એમનો 'ચારણી ભાષાનું પિંગળશાસ્ત્ર' નામનો ગ્રંથ ગુજરાત સાહિત્ય અકાદમીએ પ્રગટ કર્યો છે જેને અકાદમી અને સાહિત્ય પરિષદ બન્નેનું પારિતોષિક મળેલું છે. ત્યારબાદ અકાદમીએ જ એમનો બીજો ગ્રંથ 'ગુજરાતી ભાષાનું છંદશાસ્ત્ર' પણ પ્રગટ કરેલ છે. આમ આજે ગુજરાતી ભાષાના હયાત સર્વ વિદ્વાનોમાં આ મારુબાપા એક જ એવા છંદજ્ઞાતા છે કે જેઓએ કવિ ઉશનસ જેવાની કવિની પરબમાં પ્રગટ થયેલી કવિતામાં છંદદોષ કાઢીને એમને વિનમ્ર જાણ કરેલી. જેનો ઉશનસે સ્વીકાર પણ કર્યો હતો. આમ ખુબ જ ઝીણવટ પૂર્વકનું અવલોકન અને અભ્યાસ એમનો સ્વભાવ રહ્યો છે, ગુજરાતી ભાષામાં આ ડૉ. મારુ એક જ એવા વિદ્વાન છે કે જેમણે એક જ ચારણી છંદ 'કુંડળિયો' ઉપર આખું પુસ્તક લખ્યું છે. 'કવિજન કહે કુંડળિયો' જેનાથી વિદ્વાનો ખુબ જ પ્રભાવિત થયા હતા. ડૉ. મારુ સાહેબને કેટલાક જાહેર સન્માનો અને પારિતોષિકથી પણ સન્માનવામાં આવ્યા છે જેમાં મુખ્યત્વે વર્ષ - ૨૦૧૨નું સાહિત્ય પરિષદનું રામપ્રસાદ બક્ષી પારિતોષિક તથા ૨૦૧૩નું પણ પ્રથમ પારિતોષિક, ચારણ સાહિત્ય ઉત્કર્ષ ટ્રસ્ટ, રાજકોટ, ઈસરદાન ચારણી સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, રાજકોટ, ચારન સાહિત્ય શોધ સંસ્થાન - અજમેર, પૂ.મોરારિબાપુ દ્વારા દર વર્ષે અપાતો 'કવિ કાગ એવોર્ડ ' તથા વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ, વઢવાણ દ્વારા '' બ્રહ્માનંદ સ્વામી લોકસાહિત્ય એવૉર્ડ '' થી પણ ડૉ. મારુ સન્માનિત થયેલા છે. આ ઉપરાંત સ્થાનિક સાહિત્યિક, શૈક્ષણિક સંસ્થાઓ તરફથી પણ અનેક વખત સન્માન મેળવી ચૂકેલા આ ડૉ. મારુ વર્ષોથી '' પ્રકાશપૂંજ '' નામના માસિકના તંત્રી પદે પોતાની સેવાઓ આપે છે તો વળી આ ઉપરાંત બીજા કેટલાક સામયિકોમાં પણ સાહિત્યિક વિભાગોનું સંપાદન કરીને પોતાની સેવાઓ આપે છે.

આ મારુબાપાને એમનો આંતરમૂખી સ્વભાવ કેટલીક જગ્યાએ નુકશાનકારક પણ સિદ્ધ થયો છે. કેમ કે તેમની ઉપસ્થિતિમાં કેટલીયે વાર

અનુસંધાન પાના નં ૭ પર

# લૌટ કર આઉંગા, કુચ સે કયું ડરું...!



## રઝળપાટ

અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

૧૯૫૭ની બીજી લોકસભામાં તત્કાલીન રાષ્ટ્રપતિ એસ. રાધાકૃષ્ણન સાથે નવા સાંસદોનો પરિચય કરાવવામાં આવી રહ્યો હતો. એક પાર્ટીના માત્ર ચાર જ સાંસદ હતા. જ્યારે રાષ્ટ્રપતિ મહોદયને કહેવામાં આવ્યું કે આ ચાર સાંસદો ભારતીય જનસંઘ નામની પાર્ટીના છે તો રાષ્ટ્રપતિ કહે આવું કોઈ નામ મેં સાંભળ્યું જ નથી ! એ ચાર સંસદોમાં એક હતા અટલ વિહારી વાજપેયી, અને એ ચાર સાંસદોવાળી પાર્ટી આજે આટલા વર્ષો પછી બીજેપી બનીને ઓલમોસ્ટ ૩૦૦ સાંસદો સાથે દેશના સત્તાસ્થાને છે...! જો કે આ 'વિહારી' અને 'બિહારી' બાબતે એમણે એકવાર પુરા દેશ સમક્ષ સ્પષ્ટતા કરેલી કે હું અટલ તો છું પણ બિહારી નથી..! લોકોને લાગ્યું કે અટલજી બિહારનું અપમાન કરે છે પણ એમણે ચોખવટ કરેલી કે જેમ વસંત-વિહાર, કૃષ્ણ-વિહાર હોય છે એમ જ મારા પિતાનું નામ વિહારી છે અને આમ હું છું અટલ વિહારી...! જો કે એ અલગ વાત છે કે આપણે એમને અટલ બિહારી બાજપેઈ તરીકે જ ઓળખીએ છીએ અને એનો એમણે જિંદગીભર કોઈ વાંધો નહોતો લીધો...!

જો કે અટલજી વાંધાના માણસ હતા જ નહિ. કદાચ ભારતીય રાજનીતિમાં આ એક જ એવા નેતા હતા જેને વિરોધીઓ પણ ઈજ્જત આપતા, એમનું સમ્માન જાળવતા. અને સામે પક્ષે અટલજીએ લગભગ પાંચ દસકાથી વધુની પોતાની રાજનીતિક સફરમાં કોઈને વ્યક્તિગત નિશાના પર લીધા હોય એવો કોઈ દાખલો મોજુદ નથી. ઈનફેક્ટ શરૂઆતમાં અટલજી લોકસભામાં બેકબેન્ચર વધુ હતા, નો ડાઉટ એમના જેટલો શ્રેષ્ઠ વક્તા કોઈ હતું નહિ એટલે તો નેહરુએ એક વાર ભારતની મુલાકાતે આવેલા બ્રિટીશ પ્રધાનમંત્રીને અટલજી સાથે મેળવતા એમ કહેલું કે 'આમને મળો, આ વિપક્ષના ઉગતા નેતા છે અને હમેશા લોકસભામાં મારી આલોચના કર્યા કરે છે પણ એમનામાં મેં ભવિષ્યનો સારો દેશનેતા દેખાય છે' ...જો કે લોકસભામાં પહેલી જ વાર બોલેલા અટલજીનું ભાષણ સાંભળીને નેહરુજીએ સ્પષ્ટ કહેલું કે મને અટલજીમાં દેશનો ભાવી વડાપ્રધાન દેખાય છે..! અને અટલજીએ નેહરુનું આ વાક્ય એક વાર નહિ...બે વાર નહિ પણ ત્રણ વાર વડાપ્રધાન બનીને સાચું પાડેલું..! એ વખતની રાજનીતિની આ ગરિમા હતી..!

અને ગરિમા પણ કેવી કે અટલજી પોતાના વિરોધીઓ પર રોચક ટીપ્પણી પણ કરતા કે જેનાથી એમને જે કહેવું હોય તે કહેવાય જાય અને સામેની વ્યક્તિને કડવું પણ લાગે નહિ. 'અપમાનો મેં સમ્માનો મેં, ઉન્નત મસ્તક ઉભરા સીના..પીડાઓમે પલના હોગા કદમ મિલાકર ચલના હોગા' અટલજી આખી જિંદગી આ મૂળ મંત્રને વળગી રહ્યા. જનસંઘની ચાર સીટોથી ભાજપ સરકાર અને દેશના લોકોના લોકપ્રિય નેતા તરીકેની એમની સફર હમેશા પડકારો અને પડકારોના સામના માટે યાદ રહેશે. ખાસ તો વિપક્ષી પાર્ટીઓને એકજુટ કરીને પાંચ વર્ષ સુધી સરકાર ચલાવવાનું શ્રેય એમને જ જાય છે નહીતર એમના પહેલા પણ આવી કોશિશો થયેલી પણ પુરા પાંચ વર્ષ સુધી ચાલેલી નહિ. અટલજીની રાજનીતિક સ્વીકૃતતા વ્યાપક એટલા માટે હતી કે અટલજી પોતાના વિરોધીઓને વિરોધી ક્યારેય માનતા નહિ, એ હમેશા કહેતા કે આ રાજનીતિક વિરોધ છે અને એટલે જ ભાજપ તો ઠીક પણ કોંગ્રેસ કે બીજી પાર્ટીઓમાં એમના પ્રશન્શકો અનેકો હતા. જ્યારે નરસિંહરાવ જનતા સરકારના પ્રધાનમંત્રી હતા ત્યારે સયુંકત રાષ્ટ્ર (યુનો)માં ભાષણ આપવાની તક વિદેશમંત્રી અટલજીને એમણે જ આપેલી અને યુનોમાં હિન્દીમાં ભાષણ આપીને અટલજી છવાઈ ગયેલા. અટલજીને મતે એ ભાષણ એમણે આપેલા બધા ભાષણોમાં શ્રેષ્ઠ હતું.

આજે નવી સરકાર આવતા જ જૂની સરકારના પ્રોગ્રામો - યોજનાઓ પર પ્રશ્નાર્થ લાગી જાય છે પણ અટલજી એમાં અપવાદ હતા. પોતાની બુક 'ટર્નિંગ પોઈન્ટ' માં આપણા લોકલાડીલા એ.પી.જે.અબ્દુલ કલામ લખે છે કે નરસિહરાવ ૧૯૯૬મા પરમાણુ પરીક્ષણ કરવા માંગતા હતા, બધી તૈયારીઓ પણ થઈ ગયેલી પણ નરસિહરાવ ચૂંટણી હારી ગયા અને અટલજી સત્તા પર આવ્યા. નરસિંહરાવ એ વખતે પરમાણુ કાર્યક્રમના ઈન્ચાર્જ અબ્દુલ કલામ સાહેબને લઈને અટલજીને મળ્યા અને ખાતરી માંગી કે સત્તામાં આવ્યા પછી પણ તેઓ પરમાણુ કાર્યક્રમ ચાલુ રાખશે. જો કે ૧૯૯૬માં અટલજીની સરકાર તો ૧૩ જ દિવસમાં પડી ગઈ પણ ૧૯૯૮મા ફરીથી સત્તા પર આવતાવેત જ અટલજીએ પરમાણુ પરીક્ષણ કરીને નરસિહરાવને આપેલી ખાતરી પાળી બતાવેલી.

વાજપેયી વિદેશનીતિના અચ્છા જાણકાર હતા જ ખાસ કરીને એમના કાર્યકાળ દરમ્યાન પાકિસ્તાન સાથે સંબંધો સુધારવાની પ્રક્રિયાને વેગ મળેલો. એમણે જ સંઘર્ષવિરામ, દિલ્હી-લાહોર બસ, ભારતીય ક્રિકેટ ટીમની પાકિસ્તાન ટુર જેવા કાર્યો કરેલા. માર્ચ ૨૦૦૪ માં પાકિસ્તાની ટુર પર જતી ભારતીય ટીમ સૌરવ ગાંગુલીની આગેવાનીમાં અટલજીને મળવા આવી તો અટલજીએ બેટ પર લખેલું કે 'ખેલ હી નહિ, દિલ ભી જીતીએ -શુભેચ્છાઓ' જો કે અટલજીની પાકિસ્તાન સાથે સંબંધ સુધારવાની મંશા પર કારગીલ પ્રકરણે પાણી ફેરવી દીધેલું જો કે એ વખતે પણ એમણે દુનિયાના દેશોની ધમકીઓની પરવા કર્યા વગર લશ્કરને જંગની છૂટ આપેલી. અમેરિકાના પ્રમુખને તો એમણે પત્ર લખીને સ્પષ્ટ કહેલું કે અમને અમારી જમીન બચાવવાનો પૂરો હક્ક છે. એમના કાર્યકાળ કારગીલ વોર ઉપરાંત લાહોર સમીટ અને સંસદ પર આતંકી હુમલો અને ૨૦૦૨ના ગુજરાતના તોફાનો માટે હમેશા યાદ રહેશે. ખાલી વિરોધીઓને જ નહિ પણ પોતાના પક્ષના લોકોને પણ ચોખ્ખું પરખાવી દેવામાં અટલજી બિલકુલ વિચારતા નહીં. ગુજરાત તોફાનો વખતે અમદાવાદમાં 'મોદી રાજધર્મ નિભાયે' કહેનાર વાજપેયી એ બાબરી ધ્વંશ વખતે પણ 'યે અચ્છા નહિ હુઆ' કહીને પોતાની નારાજગી વ્યક્ત કરેલી.

અટલજી ૧૦ વાર લોકસભા માટે ચૂંટાઈ આવેલા અને બે વાર રાજ્યસભાના સભ્ય પણ રહ્યા. એમણે હારનો સ્વાદ પણ ચાખેલો. ઈનફેક્ટ બીજી લોકસભામાં જ્યારે એ પહેલીવાર જીત્યા ત્યારે લખનૌ, મથુરા અને બલરામપુર સીટ પર ઉભેલા પણ માત્ર બલરામપુરમાં જ જીતેલા જ્યારે ૧૯૮૪મા ગ્વાલિયરમાં માધવરાવ સિંધિયાના હાથે હારેલા. હાર પછી સિંધિયાને મોઢું મીઠું કરાવતા બોલેલા કે 'મેં તમને ખોળામાં રમાડ્યા છે, આજે તમને જીતતા જોઈને આનંદ થાય છે' ૧૩ મેં ૨૦૦૪માં એનડીએ ચૂંટણી હારી ગયું, વાજપેઈએ પોતાની છેલ્લી સ્પીચમાં કહ્યું કે અમે હાર્યા પણ દેશ જીત્યો છે. વાજપેઈ સ્વાભાવિકપણે સંસદમાં વિપક્ષના નેતા બને એવી પાર્ટીની લાગણી હતી પણ વાજપેઈ સન્યાસ માટે મન બનાવી ચુકેલા. સોનિયાએ મનમોહનસિંહને વડાપ્રધાન બનાવ્યા અને એનડીએ અડવાણીને વિપક્ષના નેતા. અને ૨૦૦૫મા મુબઈમાં શિવાજી પાર્કની રેલીમાં અટલજીએ રાજનીતિક સન્યાસની વાત કરી જ દીધી. ધીરે ધીરે અટલજી રાજનીતિ અને સામાજિકજીવનથી દુર થતા ગયા. ૨૦૦૯મા એમણે સાંસદ તરીકેનો કાર્યકાળ પૂરો કર્યા પછી ક્યારેય ચૂંટણી લડ્યા નહિ. ૨૦૦૯મા જ આવેલા સ્ટ્રોકે એમની શારીરિક હાલત બગાડી નાખી. છેલ્લે ૨૦૧૫મા 'ભારત રત્ન' સ્વીકારતા, વ્હીલચેર પર બેઠેલા અટલજીને પ્રજાએ જોયેલા પણ એ ફોટા જ એવી રીતે લેવાયેલા કે અટલજીનો આખો ચહેરો જોવા જ ના મળ્યો...! અને લગભગ એક દશકાથી અજ્ઞાતવાસમાં રહેલા અટલજી આપણને છોડીને ચાલી નીકળ્યા. એક અટલ યુગનો અંત થયો પણ અટલજી દેશના લોકોના હદયમાં અટલ છાપ છોડી ગયા છે જે સદા યાદ રહેશે.